**<u>ફોજદારી કેસ નંબરઃ ૬૨૧૦/૨૦૧૨</u>**

**<u>આંક–૧ હેઠળ હુકમ</u>**

**આજરોજ નામદાર ગુજરાત કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના પત્ર ક્રમાંક ૧૭૮/૨૦૧૮, તા.૨૩.૧.૨૦૧૮ ના પત્રમાં આપવામાં આવેલ સુચનાઓ મુજબ તથા નામદાર જીલ્લા ન્યાયાલય, રાજકોટના નોટીફીકેશન નંબરઃ –૨૦/૨૦૧૮ તા.૨૪.૦૧.૨૦૧૮ અન્વયે અત્રેની કોર્ટમાં પેન્ડીગ પેટી કેસીસ, મ્યુનિસીપલ લો હેઠળના કેસો, ટ્રાફીક કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા ફો.કા.અ.ની.કલમ–૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીગ્ઝ માટે તેમજ ફો.કા.અ.ની કલમ–૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઈનીગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીગ રાખવામાં આવેલ.**

**સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેસીયલ સીટીગ દરમ્યાન હાથ પર વંચાણે લીધુ. સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી સામે પ્રોહી ૬૬બી,૮૫(૧)(૩) હેઠળના ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે તેમજ આરોપી સામે તા.૨૮–૦૫–૨૦૧૨ ચાર્જશીટ દાખલ થયેલ છે. જેથી આરોપી સામેનો કેસ પોલીસ રીપોર્ટના આધારે દાખલ થયેલ છે તથા આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરન્ટ કાઢવા છતાં આરોપીને હાજર રાખવામાં પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. તદૃઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણાં લાંબા સમયથી ચાલતો હોવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશીષ્ટ સંજોગોમાં આરોપી વિરુધ્ધની ન્યાયિક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતું હોય ફો.કા.અ.ની કલમ–૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**<u>–: હુકમ :–</u>**

**આથી ફો.કા.અ.ની કલમ–૨૫૮ અન્વયે આરોપી/આરોપીઓ સામેની કાર્યવાહી પડતી મુકી કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.**

**વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષ ફો.કા.અ.ની કલમ–૩૦૦(૫) અન્વયે કાર્યવાહી કરી શકશે.**

**હુકમ આજરોજ તા.૧૦મી ફેબ્રુઆરી સને ૨૦૧૮ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**સ્થળ : રાજકોટ**
**તારીખઃ ૧૦/૨/૨૦૧૮**

**(પૂર્વી કૌશીકભાઈ પંડયા)**
**૫માં અધિક સિવિલ જજ**
**અને જયુડી.મેજી.ફ.ક.,**
**રા જ કો ટ**
( UIC NO. GJ 01398 )